## વિષય - ગણિત    ૬. તુ મારો ગુણક, હું તારો અવયવ

❖ અધ્યયન નિષ્પતિઓ :- 1. 100 સુધીની સંખ્યાઓના અવયવો અને સામાન્ય અવયવ જણાવી શકશે.
2. 20 સુધીની સંખ્યાઓના ગુણક અને સામાન્ય ગુણક જણાવી શકશે.

### પ્રશ્ન-1. નીચેની ખાલીજગ્યા પૂરો.

(1) .............. એ દરેક સંખ્યાનો અવયવ છે.

(2) દરેક સંખ્યાનો નાનામાં નાનો અવયવ ..........................છે.

(3) ........................સંખ્યાને માત્ર બે જ અવયવ હોય છે.

(4) દરેક સંખ્યાને ................... ગુણક (અવયવી) હોય છે.

### પ્રશ્ન-2. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) નીચે આપેલી સંખ્યામાંથી કઇ સંખ્યા 15 નો અવયવી છે.

(a) 20 (b) 60 (c) 50 (d) 10

(2) 15 નો નાનામાં નાનો અવયવી .............................. છે.

(a) 15 (b) 5 (c) 30 (d) 45

(3) 3 ના અવયવોની સંખ્યા ................ છે.

(a) 3 (b) 5 (c) 4 (d) 2

(4) 5 અને 6 સામાન્ય ગુણક .........................છે.

(a) 35 (b) 30 (c) 36 (d) 42

(5) નીચેનામાંથી કઇ સંખ્યા 12 નો અવયવ નથી ?.................................

(a) 5 (b) 1 (c) 4 (d) 12

### પ્રશ્ન-૩. ઉદાહરણ પ્રમાણે અવયવવૃક્ષ બનાવો.

(1)




(2) 24

(3) 30

(4) 36

(5) 48

(6) 50

પ્રશ્ન-૩. નીચેની સંખ્યાના સામાન્ય અવયવ લખો.

| | |
|---|---|
| (1) 4 , 12  | (2) 25, 30  |
| (3) 6, 10  | (4) 24, 36  |

પ્રશ્ન-૩. નીચેની સંખ્યાના પ્રથમ બે સામાન્ય અવયવી (ગુણક) લખો.

| | |
|---|---|
| (1) 4 , 5 | (2) 12, 10, 15 |

પ્રશ્ન-૪. નીચેના કોયડા ઉકેલો.

(1) હિતેશભાઇને તેમના ઘરના બેઠકખંડમાં ભોંયતળિયે લાદી લગાડવાની છે. ઓરડાનું માપ 10 ફૂટ × 20 ફૂટ છે. બજારમાં 3 ફૂટ × 5 ફૂટ, 5 ફૂટ × 4 ફૂટ અને 2ફૂટ × 3 ફૂટ માપની લાદી મળે છે. હિતેશભાઇએ કયા પ્રકારની લાદી ખરીદવી જોઇએ જેથી તેને કાપ્યા સિવાય લગાડી શકાય.

(2) જીનલ, મિનલ અને બિનલના ઘર એકબીજાની નજીક છે. તેઓના ઘરથી રસ્તો ૩૦ ફૂટના અંતરે છે. તેઓએ ઘરથી રસ્તા સુધી લાદી લગાડવાનું નક્કી કર્યું. તેઓએ અલગ અલગ માપની લાદી ખરીદી. જો તે લાદીઓને કાપ્યા વગર રસ્તા પર લગાડી શકાય, તો ત્રણેયે કયા કયા માપની લાદી ખરીદી હશે ?